# નિવેદન

પ્રાચીન કાળમાં ભારતમાં આદર્શ કુટુંબવ્યવસ્થા જોવા મળતી હતી. પ્રાચીન ભારતીય સમાજનાં ઘર–ઘરમાંથી શાંતિ અને સમાધાનના જ સુરો નીકળતા જોવા મળતા હતા. તે સમયે પ્રતયેક કુટુંબ આદર્શ ગૃહસ્થાશ્રમનું પ્રતીક હતું. પરિણય એ પવિત્ર બંધન છે અને બે આત્માનું મિલન છે. લગ્ન પતિ–પત્ની વચ્ચે ફકતત ભોગ છે જાતીય તૃપ્તિ નહિ પરંતુ જીવનભરનો નિસ્વાર્થ સાથ અને પ્રેમ છે. પરિણય દ્વારા મનુષ્યના જીવનમાં ઘણું પરિવર્તન આવે છે. માનવી સામાજિક પ્રાણી છે. તે એકલો રહી શકતો નથી, તેને બીજાના સાથ–સહકારની જરૂર પડે છે, તેથી જ જીવનમાં પરિણયની આવશ્યકતા છે.

પ્રાચીન કાળના લોકોનું જીવન સુસંસ્કૃત હતું. લોકો આદર્શ જીવન જીવતા હતા. તેનું મુખ્ય કારણ આદર્શ સમાજ–વ્યવસ્થા હતી. શ્રેષ્ઠ પરિણય સંસ્કારને કારણે આદર્શ સમાજ ઉત્પન્ન થતો હતો. પરિણય એટલે પવિત્ર લગ્ન સંબંધ. પતિ અને પત્ની એકબીજાને પ્રેમભાવથી સ્વીકારતા હતા. સ્ત્રી–પુરુષનો સંબંધ નિસર્ગના નિયમ પ્રમાણે ચાલતો હતો. પુરુષ પૈસો લાવે અને સ્ત્રી ઘરસંસાર ચલાવે. એવો ઘરસંસાર સુખથી ચાલતો હતો. પરિણય એટલે પ્રેમ અને કર્તવ્ય માટે સંસારના રણાંગણમાં સક્રિય ભા રહેવું તે. પરિણયને સમાજનો આધાર માનવામાં આવતો. આમ સંસારમાં જો આયોજનબદ્ધ વ્યવહાર ચલાવવામાં આવે તો તેવો સંસાર સુખી થાય છે.

મનુષ્યના જીવનમાં ગૃહસ્થાશ્રમનું સૌથી વધારે મહત્ત્યવ છે એટલા માટે સ્મૃતિકારોએ તેના વખાણ કર્યા છે. આ ગૃહસ્થાશ્રમ બધા જ આશ્રમોની સુવાસને વધારી દે છે. ગૃહસ્થાશ્રમમાં મનુષ્યનું જીવન સુખ અને શાંતિથી પસાર થાય છે. તે પોતાના અંતિમ બંને આશ્રમોમાં પણ સુખેથી સમય પસાર કરે છે. કોઈપણ મનુષ્યે સ્વર્ગની પ્રાપ્તિ સુખપૂર્વક કરવી હોય તો તેણે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો જરૂરી છે. ગૃહસ્થ પોતાના જ્ઞાન અને અન્નથી અન્ય આશ્રમોનું પાલન કરે છે. આથી તેનો આશ્રમ શ્રેષ્ઠ છે.

"पत्नी धर्मार्थ कामानां कारणं प्रवरं स्मृतम् ।
अपत्नीकी नरो भूप ! कर्मयोग्यो न जायते ।।
ब्राह्मणः क्षत्रिया वाऽपि वैश्यः शूद्रोपि वा नृप ।"

–याज्ञवल्कय स्मृति ।

દરેક મનુષ્યે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો જરૂરી જ છે. ગૃહસ્થાશ્રમમાં આવનારા પડકારોનો સામનો કરવો, તેમાં મનુષ્યની ંડી સમજ પ્રદર્શિત થાય છે. મનુષ્ય બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય અને શૂદ્ર કોઈપણ વર્ણનો હોય છતાં પણ તે પરિણીત ન હોય તો તે ધાર્મિક કાર્યોનો અધિકારી થઈ શકતો નથી.

આપણા પ્રાચીન શાસ્ત્રોમાં પરિણયને દરેક મનુષ્ય માટે જરૂરી સંસ્કાર માનવામાં આવ્યો છે. પરિણય મનુષ્યના વિકાસનો આધાર છે. આપણા પ્રાચીન લોકોએ પરિણય સંસ્કારનું સુંદર આયોજન કરીને સમાજ સમક્ષ મૂકું છે. તે પ્રમાણે લોકો તેનું પાલન પણ કરે છે. મનુષ્યના જીવનના ચાર તબકતકાઓ સૂચવવામાં આવ્યા છે. પ્રથમ ભાગ પચ્ચીસ વર્ષ ગુરૂના આશ્રમમાં રહીને વિદ્યાભ્યાસ કરવાનો છે. બીજો ભાગ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરીને જીવન સંસારને સુંદર બનાવવાનો છે. ત્રીજો ભાગ વનમાં નિવાસ કરવાનો છે અને જીવનનો અંતિમ ભાગ પુરુષે બધી જ કામનાઓનો ત્યાગ કરીને સન્યાસી જીવન જીવવાનો છે.

ભારતીય પ્રાચીન પરંપરા નિયમબદ્ધ હતી. તેમાં વિવાહ સંસ્થા સૌથી મહાન છે. પ્રાચીન કાળમાં લગ્ન બંધનથી જે પુરુષ જોડાયેલો ન હોય, તેને સમાજમાં માન–મર્યાદા પ્રાપ્ત થતા નહિ. ગૃહસ્થાશ્રમની સર્વશ્રેષ્ઠતા સાબિત કરીને આપણા ઋષિમુનિઓએ આ પરિણય સંસ્કારની આવશ્યકતા બતાવી છે તથા તેનું પાલન કરવું દરેક મનુષ્ય માટે અનિવાર્ય છે.

મનુષ્યના દરેક ધાર્મિક કાર્યમાં પત્ની હાજર હોય જ એટલા માટે તેને 'ધર્મપત્ની' કહેવામાં આવે છે. ઋષિઓએ પરિણયને ધાર્મિક રૂપ આપીને તેની મહત્તા વધારી છે. આમ પરિણયના અસંખ્ય લાભો છે. મનુષ્ય પરિણય સંસ્કારથી બંધાય તો તેનું જીવન ખીલી ઠે છે. મનુષ્ય પોતાના જીવનનો વિકાસ સંસારી બનીને જ કરી શકે છે.

પ્રાચીન કાળમાં પરિણયનું ખૂબ જ મહત્ત્યવ હતું. દરેક ધાર્મિક કાર્યોમાં સ્ત્રીનું સાથે રહેવું જરૂરી હતું. ઈતિહાસમાં પત્નીની ગેરહાજરીમાં તેની સોનાની મૂર્તિ બનાવીને ધાર્મિક કાર્યો પૂરા કર્યા હોવાનૃ ઉદાહરણો પણ બન્યાં છે. પ્રાચીન કાળમાં ગૃહસ્થ માટે અગ્નિહોમ કરવું ખૂબ જરૂરી હતું. દરેક ગૃહસ્થ પ્રાતઃકાળે અગ્નિહોત્ર કરતો હતો તથા તે સ્ત્રીની સાથે દરરોજ અગ્નિકુંડમાં આહુતિ આપતો હતો. પ્રાચીન ભારતમાં મનુષ્યનું જીવન ત્યારે જ સારી રીતે ચાલતું જ ારે તે વિવાહના બંધનમાં બંધાયેલો હોય.

પ્રસ્તુત સંશોધન વિષય પસંદ કરવાનો આ જ હેતુ રહેલો હતો. દરેક મનુષ્ય પરિણય સંસ્કારથી બંધાય છે અને તેના સાચા જીવનની શરૂઆત પણ ત્યારબાદ જ થાય છે એટલા માટે મેં પોતાના અંગત જીવનને મદદરૂપ થાય તે માટે **"મહાભારતના પરિણય–પ્રસંગોનો સમીક્ષાત્મક અભ્યાસ"** વિષય પસંદ કર્યો છે. ઉત્સાહ હોય તો ગમે તેવું કઠિન કાર્ય પણ સફળ થઈ જાય છે. આ વિષય મારા રસનું ક્ષેત્ર હોવાથી તેમાં મારો ઉત્સાહ છેલ્લે સુધી જળવાઈ રહ્યો. તથા એટલા ઉત્સાહથી પ્રાપ્ત થયેલ માર્ગદર્શનને આ કાર્યને પરિણામ પહોંચાડયું.

આ મારા સંપૂર્ણ સંશોધન કાર્યની પ્રેરણા મારા માર્ગદર્શક ગુરૂવર્ય ડૉ. નવનીતભાઈ જોશીએ પ્રદાન કરી છે. તેમના માર્ગદર્શન અને તેમની પ્રેરણા દ્વારા હું આ સંશોધન કાર્યને પૂર્ણ કરી શકતયો છું. તેમના નિસ્વાર્થ અને સચોટ માર્ગદર્શનને કારણે હું આજે શ્રેષ્ઠ સિદ્ધિ પામ્યો છું. એટલા માટે હું તેમને શતશત વંદન કરું છું સાથે સાથે હૃદરપૂર્વક આભાર માનું છું.

મારા પૂજ  માતાશ્રી તથા પિતાશ્રીને પણ પ્રણામ કરું છું. એમની લાગણી, હૂંફ અને પ્રેમે મને સતત આગળ વધવા પ્રેર્યો છે. એમને ફરી–ફરી વંદન કરું છું. મારી ધર્મપત્ની દિપા દ્વારા સંશોધન દરમ્યાન સતત ઉત્સાહવર્ધન તેમજ તેમના તરફથી પૂર્ણ સહયોગ પણ નોંધનીય છે. મારા પરિવારના દરેક સભ્યોએ મને ઉત્સાહ અને પ્રેરણા આપીને મારા આત્મવિ   ાસને વધારવાનું કાર્ય કર્યું છે આ તકે તેમનો પણ હૃદરપૂર્વક આભાર માનું છું. તે ઉપરાંત સેવરા રણજીતભાઇ મિત્રો સેવરા સંદિપભાઇ વગેરેએ પણ મારા આત્મવિ   ાસને વધારવાનું કાર્ય કર્યું છે તેમનો પણ આભાર માનું છું.

મારા સંશોધન કાર્યમાં મદદરૂપ બનનાર, સંસ્કૃતના મૂળગ્રંથો અને અન્ય સામગ્રી મારા માટે સુગમ બનાવનાર અને સંશોધન કાર્ય વિશે વારંવાર પૂછતાં રહીને મને પ્રોત્સાહન અને સહકાર આપનારાં પૂજ  ગુરુજી મોકરીયા સાહેબ (શ્રી સામનાથ સંસ્કૃત યુનિ. વેરાવર), સવિતાબેન મોરી (આર્ટસ કોલેજ–કોડિનાર), નરેન્દ્રભાઇ ડોડીયા (આર.જે.ટી. કોલેજ–પોરબંદર), પ્રિ. આર.એમ.સી.બી. બાલસ સાહેબ (સરકારી આર્ટસ કોલેજ–બહુચરાજી), કાથડ સાહેબ (સૌરાષ્ટ યુનિ. રાજકોટ), ડૉ. વેજાભાઇ ચાંડેરા (આર્ટસ કોલેજ–લોએજ) તે ઉપરાંત મારી કોલેજના પ્રાધ્યાપકદ પી.વી. સાહેબ, નંદાણીયા રામભાઇ, સાગર સાહેબ, સોલંકી સાહેબ, પરમાર સાહેબ, બાલસ નીતાબેન, રાઠોડ અસ્મિતાબેન, જોશી ભૂમિબેન, બામરોટીયા રામ સાહેબ, સોમાત સાહેબ, સમીર સાહેબ, સેવરા પીયુશ સાહેબ તથા સમગ્ર સ્ટાફ વગેરેનો ખૂબ ખૂબ આભાર વ્યકતત કરું છું.

અને અંતે આ કાર્યને પૂર્ણ કરવામાં પરોક્ષ રીતે સહાયક બનનારા ગ્રંથ લેખકો, સંપાદકો, પ્રકાશકો અને અનુવાદકો તથા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાયક બનનાર નામી–અનામી તથા આભારના અધિકારીઓનો પણ આભાર માનું છું.

પ્રસ્તુત શોધ–પ્રબંધને તૈયાર કરવામાં શકતય તેટલી તમામ સજાગતા વર્તી છે, છતાં માનવ સહજ અપૂણતાને કારણે કોઇ ક્ષતિ રહી ગઇ હોય તો સુજ્ઞ વિદ્વજ્જનો ઉદાર હૃદયે ક્ષમા કરશે, એવી આશા સાથે............

**– સેવરા અમરકુમાર એમ.**